વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક :– ૧૫/૪/૧૯૧૪

મુખ્ય પશ્ન :– ગોત્રી - સેવાસી– સિંઘરોટ રોડ (વ્હાઇટ ટોપીંગ) રીસરફેસીંગ કરવા બાબત.

પ્રશ્ન પુછનાર :– માનનીય ધારાસભ્યશ્રી કેયુરભાઇ રોકડિયા (સયાજીગંજ)

| ક્રમ | પ્રશ્નની વિગત | : | જવાબ |
|---|---|---|---|
| ૧ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગોત્રી–સેવાસી–સિંઘરોટ રોડ જી.વડોદારા (વ્હાઇટ ટોપીંગ) ને રીસરફેસીંગ કરવા માટે સરકારનું કોઇ આયોજન છે કે કેમ | : | હા, જી |
| ૨ | જો હા, તો કેટલી લંબાઇ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી છે, અને | : | કુલ લંબાઇ ૭.૪ કિ.મી. માટે રકમ રૂ. ૨૮૦૦/– લાખ મંજુર કરવામાં આવેલ છે. |
| ૩ | ઉક્ત સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે? | : | ઉક્ત સ્થિતિએ સદર કામનું ટેન્ડર મંજુરી હેઠળ હતુ. |

| | |
|---|---|
| **પ્રશ્ન–૧** | આ રસ્તો બનવાથી આસ–પાસના કેટલા ગામોને લાભ થાય તેમ છે.? |
| **જવાબ–૧** | માનનીય અધ્યક્ષશ્રી,<br>➢ સદર રસ્તો **૭.૪ કી.મી.** લંબાઈ ધરાવતો રાજ્ય ધોરી માર્ગ છે. તેમજ આ રસ્તો બનવાથી રસ્તા પર આવતા તેમજ આજુ બાજુના **કુલ ૧૨ ગામોની ૯૦૦૬૧** જેટલી વસ્તીને તેમજ સદર રસ્તા પર આવેલ કોટણા નદી કિનારો તેમજ પ્રસિધ્ધ મસાણી માતાના મંદિરની મુલાકાત લેતા પ્રવાસીઓને લાભ થાય તેમ છે. |

| | |
|---|---|
| **પ્રશ્ન–૨** | ગુજરાત રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગ  હસ્તક કેટલા વ્હાઇટ ટોપીંગના કામ મંજુર કરવામાં આવેલ છે? |
| **જવાબ–૨** | માનનીય અધ્યક્ષશ્રી,<br>➢ ગુજરાત રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગ  હસ્તક કુલ **૧૬.૪ કિ.મી**.ની લંબાઇના **૬૬૦૦ લાખ** રકમનાં **૦૩ રસ્તાના** કામ મંજુર કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| **પ્રશ્ન–૩** | સદર રસ્તામાં લીધેલ વ્હાઇટ ટૉપીંગ ટ્રીટમેન્ટના શું ફાયદા છે? |
| **જવાબ–૩** | માનનીય અધ્યક્ષશ્રી,<br>➢ સદર રસ્તા પર લીધેલ વ્હાઇટ ટોપીંગ ટ્રીટમેન્ટ ગુજરાતના માર્ગ અને મકાન વિભાગ દ્વારા પ્રથમવાર કરવામાં આવનાર છે. સદર ટ્રીટમેન્ટના કારણે ડામર રસ્તાની સરખામણીમાં વ્હાઇટ ટોપીંગ થયેલ રસ્તાની Life Cycle માં વધારો થાય તેમ છે. તેમજ Operation અને Maintenance Cost માં ઘટાડો થાય તેમ છે. વધુમાં, પરંપરાગત (Conventional) PQC (CC Road) ની સરખામણીમાં સદર ટ્રીટમેનન્ટની જાડાઇ ઓછી હોવાથી ખર્ચ પણ ઓછો થવા પામે છે. આથી એકંદરે Life Cycle Cost જોતાં વ્હાઇટ ટોપીંગ ટ્રીટમેન્ટ પરંપરાગત ડામર અને CC (Cement Concrete) ની સરખામણીમાં વધારે હિતાવહ જણાય છે. |